**<u>આંક–૧૬ થી પ્રતિવાદીઓ તરફે સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (ખ) મુજબની અરજી લગત હુકમ</u>**

(૧) પ્રતિવાદી ધ્વારા હાલની અરજી કરી જણાવેલ છે કે, સદર કામના વાદીઓએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક છોટાઉદેપુર, તા. છોટાઉદેપુરના કસ્બામાં તળાવની સામે આવેલ મકાન જેનો સીટી સર્વે નં. ૧૧ ૮૦, ૧૧૮૧, ૧૧૮૨, ૧૧૮૩ તથા ૧૧૮૪ વાળી મિલકત બાબતે દાવો દાખલ કરી સંયુકત સહીયારો વણવહેચાયેલો માલીકી હકક હિત, હિસ્સો રહેલ છે તેવુ ઠરાવી તેવુ જ્ઞાપન કરી આપવા આપ નામ. કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. સદર દાવાવાળી મિલકતની આકારણી રૂા. ૧૦૦૦/– ની ગણી સદર દાવો હકક સ્થાપન જ્ઞાપન કાયમી તાકીદ તેમજ મિલકતની વહેચણી બાબતનો કરેલ છે અને રૂા. ૧૦૦૦/– નો આંક બાંધી રૂા. ૧૦૦/– કોર્ટ ફી આપેલી છે. સદર દાવાના મજકુર ઉપરથી તેમજ માં ગેલી દાદના પેરા નં. ૧ મુજબ સીટી સર્વે નં. ૧૧૮૦, ૧૧૮૧, ૧૧૮૨, ૧૧૮૩ તથા ૧૧૮૪ વાળી મિલકત મકાન તથા દુકાન તથા ખુલ્લી જમીનમાં વાદીઓનો માલીકી હકકે સંયુકત સહીયારો વણવહેચાયેલો માલીકી હકક હિસ્સો રહેલો છે તેવુ ઠરાવી લેવા દાદ માંગેલી છે. જયારે માલીકી ઠેરવી લેવા તેમજ હીસ્સો ઠેરવી લેવા તેમજ પોતાનો હિત છે તેવુ ઠેરવી લેવા દાદ માંગેલી હોય ત્યારે કોર્ટ ફીઝ એકટ મુજબ જરૂરી કોર્ટ ફીસ આપવી જોઈએ જે સદર કામના વાદીઓએ આપ નામ. કોર્ટમાં આપેલી નથી જેથી તેઓની અરજની હકીકતો તથા રૂબરૂ જે કાઈ દલીલો થાય તે સાંભળી વાદીઓની દાવા અરજ ઓર્ડર ૭ રૂલ ૧૧(ખ) મુજબ નામંજુર કરવા તથા સિવાય ન્યાયની બીજી હરકોઈ દાદ આપવા અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ પ્રતિવાદીની આંક–૧૬ ની અરજી લગત વાદીએ પોતાનો લેખીત જવાબ આંક –૧૭ થી રજુ કરેલ છે જેમાં તેઓએ પ્રતિવાદીની આંક–૧૬ ની અરજીની મોટા ભાગની હકીકતો ખરી ન હોવાનુ અને તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવેલ છે. જયારે ખરી હકીકતે વાદી જણાવે છે કે, તેઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ જે દાવો દાખલ કરેલ છે તે દાવી દાવાવાળી મીલ્કતમાં રહેલ તેઓનો સહીયારો માલીકી હકક હીસ્સો મેળવવા માટે દાખલ કરેલ છે. સદર દાવાવાળી મીલ્કતો વેચાણ દસ્તાવેજ અન્વયે તેઓ અને પ્રતિવાદીના સંયુક્ત નામે દાખલ થયેલ છે. તેઓ વેચાણ દસ્તાવેજ અન્વયે દાવાવાળી મીલ્કતના માલીક વર્ષો અગાઉથી બનેલા છે. આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતમાં રહેલ તેઓનો સંયુક્ત માલીકી હકક હીસ્સો આપવાથી ઈન્કાર કરતા હોઈ તે હીસ્સો મેળવવા માટે દાવો દાખલ કરેલ છે. જે દાવામાં ડેકલેરેશન મેળવવામાં આવે ત્યારબાદ જ આગળની રીલીફ મળે તેમ હોઈ તેઓએ દાવામાં તેમનો સંયુક્ત વણવહચાયેલો હીસ્સો રહેલો અને વેચાણ દસ્તાવેજ અન્વયે માલીક થયેલા છે તેવું ઠરાવી લેવાની દાદ માંગેલ છે. તેઓએ જે દાવામાં જે દાદ માંગેલ છે તે દાદની કીંમત

હાલના તબકકે નકકી થઈ શકે તેમ ન હોઈ ના. કોર્ટને દાવાના કામે કોર્ટ ફીઝ નકકી કરવામાં કોઈ પ્રશ્ન ઉપસ્થીત ન થાય તે માટે રૂા. ૧૦૦૦/– નો આંક બાંધી તેની ઉપર રૂા. ૧૦૦/– નો કોર્ટ ફી સ્ટેમ્પ આપવામાં આવેલ છે. જે કોર્ટ ફી બાંધેલ આંક મુજબ પુરી અને બરોબર છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ સીપીસીના ઓર્ડર ૭ રુલ ૧૧ (ખ) મુજબ અરજી આપેલ છે સીપીસીના ઓર્ડર ૭ રુલ ૧૧ (ખ) ને વંચાણે લેવામાં આવે તો,

11. Rejection of plaint. The plaint shall be rejected in the following cases :-

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

ઉપર મુજબ સીપીસીના ઓર્ડર ૭ રુલ ૧૧ (ખ) માં જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ તેઓએ જે દાદ માંગેલ હોય તે દાદની કીંમત ઓછી આંકી હોય અને કોર્ટ ધ્વારા નકકી કરેલ સમય મર્યાદામાં તેની કિંમત સુધારવામાં આવેલ ન હોય અને તે મુજબ કરવામાં તેઓ નિષ્ફળ ગયેલ હોય તો તેવા સંજોગોમાં ઉપરોકત ઓર્ડર ૭ કુલ ૧૧ (ખ) અન્વયે કોર્ટ દાવો કાઢી શકે છે. સદર કામે ના. કોર્ટ ધ્વારા દાવો દાખલ કરતી વખતે કે ત્યારબાદ આજદીન સુધી દાવાની વેલ્યુએશન બાબતે કોઈ તકરાર ઉપસ્થીત કરેલ નથી. દાવો દાખલ કરતી વખતે ના. કોર્ટના રજીસ્ટ્રાર ધ્વારા પણ દાવાની આંકારણી બાબતે કોઈ તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ નથી. જેથી પણ પ્રતિવાદીને ઓર્ડર ૭ રુલ ૧૧ (ખ) મુજબ અરજી આપવાનો કોઈ હકક કે અધીકાર રહેલ નથી જેથી પણ પ્રતિવાદીની અરજી નામંજુર કરવા તથા તેઓ ધ્વારા દાવાવાળી મીલ્કતમાં રહેલો તેઓનો સંયુક્ત વણ વહેચાયેલો હિસ્સો મેળવવા માટે દાવો દાખલ કરેલ છે જે દાવાના કામે માલીકી હકક પ્રસ્થાપીત થાય તો જ ના. કોર્ટ વણ વહેચાયેલો હીસ્સો અપાવી શકે જેથી માલીકી હકક બાબતેની દાદ માંગવી જરુરી હોઈ તે દાદ દાવાના કામે માંગેલ છે. વધુમાં તેઓ આથી જાહેર કરે છે કે ના.કોર્ટ દાવાના આખરી નીકાલ વખતે દાવાવાળી મીલ્કતની જે કીંમત નકકી કરશે તે કીંમત મુજબ તેઓના હીસ્સે આવતી મીલ્કતની જે કીમત થતી હશે તે કીંમત મુજબની કોર્ટ ફી સ્ટેમ્પ ભરપાઈ કરવા તેઓ રાજીખુશી અને તૈયાર છે જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવા તેમજ સીપીસીના ઓર્ડર ૭ રુલ ૧૧ (ખ) ની જોગવાઈ મુજબ ના.કોર્ટ ધ્વારા દાવાની આકારણી નકકી કરવામાં આવે અને તે આકારણી મુજબની કોર્ટ ફી ભરપાઈ કરવા માટે તેઓને જે સમય આપવામાં આવેલ હોય તે સમય દરમ્યાન તેઓ ધ્વારા દાવાની વેલ્યુએશન સુધારી તે મુજબની કોર્ટ ફી ભરપાઈ કરવામાં ન આવે તો તેવા સંજોગોમાં ઉપરોકત જોગવાઈ અન્વયે તેઓનો દાવો કાઢી નાખી શકાય. સદર દાવાના કામે ના.કોર્ટ ધ્વારા તેઓના દાવાની આકારણી ઓછી હોય તેવુ કોઈ તારણ કાઢેલ નથી કે તેવી આકારણી સુધારી તે મુજબનો સુધારો કરી ખુટતી ફી ભરપાઈ કરવા માટે

તેઓને કોઈ હુકમ કરવામાં આવેલ નથી જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવા તથા વધુમાં તેઓ આપ ના. કોર્ટ સમક્ષ જાહેર કરે છે કે આપ ના. કોર્ટ ધ્વારા દાવાના આખરી નીકાલ સમયે દાવાવાળી મીલ્કતની આકારણી કરી તેઓના હીસ્સે આવતી મીલ્કત અંગેની વેલ્યુએશન મુજબની જે ફી હશે તે તેઓ ભરપાઈ કરવા તૈયાર છે અને ના.કોર્ટના હુકમ મુજબ ભરપાઈ કરીશે તેવી બાંહેધરી અને ખાત્રી આપે છે જેથી પ્રતિવાદીની સીપીસીના ઓર્ડર ૭ કુલ ૧૧ (ખ) મુજબની અરજીના જવાબની હકીકતો ધ્યાને લઈ પ્રતિવાદીની અરજી ખર્ચ સહ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) બંને પક્ષકારોની રજુઆત તેમજ દાવાનું રેકર્ડ ધ્યાને લેતાં પ્રતિવાદીઓ ધ્વારા આંક–૧૬ ની હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે તે દિવાની કાર્યરીતી સંહીતા ૧૯૦૮ ના હુકમ ૭ નિમય ૧૧ (ખ) ની જોગવાઈઓ મુજબ આપવામાં આવેલ છે. પ્રતિવાદીઓ ધ્વારા સદર અરજીમાં મુખ્ય તકરાર એવી છે કે, વાદીએ માલીક તરીકેના ડેકલેરેશની દાદ માંગેલ છે. પરંતુ તે મુજબ જરૂરી કોર્ટ ફીઝ કોર્ટફીઝ એકટની જોગવાઈ મુજબ ભરેલ નથી જેથી વાદીની દાવા–અરજી દિવાની કાર્યરીતી સંહિતા ૧૯૦૮ ના હુકમ–૭, નિયમ ૧૧(ખ) મુજબ રદ કરવા માંગણી કરેલ છે.

સદર અરજી સામે વાદીઓ ધ્વારા આંક–૧૭ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં તેઓની રજુઆત છે કે, દિવાની કાર્યરીતી સંહિતા ૧૯૦૮ ના હુકમ ૭ નિયમ ૧૧(ખ) ની જોગવાઈ મુજબ જો વાદીએ દાવાનું બરાબર વેલ્યુએશન કરેલ ન હોય અને તે વેલ્યએશન સુધારવા માટે જે સમય આપેલ હોય તે સમય મર્યાદામાં દાવાનું વેલ્યુએશન સુધારે નહી અને જરૂરી કોર્ટ ફી ભરે નહી તો દાવા – અરજી રદ કરવા અંગેની જોગવાઈ છે પરંતુ હાલના કિસ્સામાં અદાલતે તેવુ જણાવેલ નથી જેથી પ્રતિવાદીઓની હાલની અરજ રદ કરવા અરજ કરેલ છે.

આમ, તમામ હકીકત તેમજ આંક–૧૬, આંક–૧૭ તેમજ દાવા–અરજી અને સિવિલ પ્રોસિઝર કોડ ૧૯૦૮ ની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં દિવાની કાર્યરીતી સંહિતા ૧૯૦૮ ના હુકમ ૭ નિયમ ૧૧(ખ) અને (ગ) ધ્યાને લેતાં,

**11. Rejection of plaint.-- The plaint shall be rejected in the following cases :-**

**(b)** where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

**(c)** where the relief claimed is properly valued but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;

આમ, હાલના કિસ્સામાં દાવાના યોગ્ય વેલ્યુએશન અંગે કે ખુટતી કોર્ટ ફી ભરવા અંગે અદાલત ધ્વારા કોઈ હુકમ કરેલ નથી જેથી પ્રતિવાદીઓની હાલની અરજી પ્રિમેચયોર હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-હુકમ-:**

(૧) પ્રતિવાદીઓની હાલની આંક-૧૬ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ:-૨૮ મી, માહે. નવેમ્બર, સને-૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૨૮/૧૧/૨૦૨૪
છોટા ઉદેપુર.

**(અમિષ પ્રફુલચંદ્ર જોષી)**
અધિક સિવિલ જજ
છોટાઉદેપુર
કોડ નંબર-જી.જે.૦૧૪૪૬

**R.M.RADADIYA**
**Guj. Steno.**